કપડવણજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL

SINCE 1940 KKM

शिक्षा • संस्कार • सेवा • सहयोग

સ્થાપના વર્ષ – ૧૯૪૦

Affordable Education For All

પ્રતિભા

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવંજ કેળવણી મંડળ દ્વારા નિવૃત કર્મચારીઓનું સન્માન

સંપાદક

ઋચા આચાર્ય

મનીષા પટેલ

માર્ગદર્શક

અનંતભાઈ શાહ

પ્રકાશક

કપડવણજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓમાંથી તા.૩૧/૧૦/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીમાં વયમર્યાદાને કારણે નિવૃત થયેલ કર્મચારીઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો. વયનિવૃત થયેલ તમામ કર્મયોગીનું સન્માન કપડવંજ કેળવણી મંડળના પ્રમુખશ્રી હરીશભાઈ કુંડલિયાના વરદ હસ્તે સન્માન પત્ર અને સ્મૃતિ ચિન્હ આપીને કરવામાં આવ્યું. આ ઉપરાંત પ્રમુખશ્રીએ પોતાના ઉદબોધનમાં નિવૃત જીવનનો આનંદ લેવા અને પોતાના પરિવાર, પડોશી અને સમાજને તેમની સુઝનો લાભ થાય તેવી પ્રવૃત્તિ કરવા સુચન કર્યું. નિવૃત કર્મચારીઓએ પણ જયારે મંડળને જરૂર પડશે ત્યારે સેવા પ્રદાન કરશે એમ જણાવ્યું. આ કાર્યક્રમમાં મંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીલાબેન પંડ્યા, મંત્રીશ્રી અનંતભાઇ શાહ, સી.ઈ.ઓ. શ્રી મૌલિકભાઈ ભટ્ટ, સંસ્થાના વડાશ્રીઓ અને તમામ સંસ્થાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. કપડવંજ કેળવણી મંડળ પરિવારના તમામ કર્મયોગીઓએ ત્યાં ઉપસ્થિત રહી તેમનું સન્માન વધાર્યું તથા તેમનું નિવૃત્ત જીવન પ્રવૃત્તિમય રહે તથા સ્વસ્થ રહે તેવી શુભકામનાઓ આપી.

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓના તા.૩૧-૧૦-૨૦૧૯ થી તા.૩૧-૧૦-૨૦૨૨ સુધીના વય નિવૃત થયેલ કર્મચારીઓની યાદી

૧.	શ્રી વાડીલાલ એમ.પટેલ	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૨.	શ્રી જયેશભાઈ વી. ગાંધી	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૩.	શ્રી અમૃતભાઈ એન.પટેલ	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૪.	શ્રી માનસિંહ કે. ચૌધરી	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૫.	શ્રી ખુશાલભાઈ એમ. મોઢેરા	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૬.	શ્રી રમણભાઈ જી. વસાવા	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૭.	શ્રી વિરસિંહ બી. તાવિયાડ	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૮.	શ્રી જગદિશભાઈ આર. પટેલ	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૯.	શ્રી ઠાકોરભાઈ મઘજીભાઈ ચૌધરી	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૧૦.	શ્રી રામસિંહ જુવાનસિંહ ઝાલા	શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય
૧૧.	શ્રી સીમાબેન મંગલસિંહ રાઠોડ	શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર
૧૨.	શ્રી જાગૃતિબેન નવનીતલાલ બારોટ	શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર
૧૩.	શ્રી કનુભાઈ શંકરભાઈ તડવી	પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ
૧૪.	શ્રી હંસાબેન જીતેન્દ્રભાઈ વાઘેલા	પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ
૧૫.	શ્રી અતુલકુમાર હસમુખલાલ રાવળ	પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ
૧૬.	શ્રી વીરાભાઈ લાલાભાઈ કટારીયા	શાહ કે. એસ.આર્ટસ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ
૧૭.	શ્રી કનુભાઈ સુરતાજી પરમાર	શાહ કે. એસ.આર્ટસ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ
૧૮.	શ્રી ઈશ્વરભાઈ જગાભાઈ પટેલ	શાહ કે. એસ.આર્ટસ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ
૧૯.	શ્રી શિલાબેન મહેન્દ્રભાઈ પટેલ	શ્રી એમ.વી.પરીખ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ (નર્સરી)
૨૦.	શ્રી અલકાબેન સનતકુમાર સોની	શ્રી જડાવબા શિશુ કેન્દ્ર
૨૧.	શ્રી દિપીકાબેન જયેન્દ્રકુમાર કંસારા	શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રતિભા

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
સ્થાપના વર્ષ – ૧૯૪૦

શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર

રંગપુરણી અને ચિત્ર સ્પર્ધા

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર ધ્વારા "રંગપુરણી અને ચિત્ર સ્પર્ધા" નું તા. ૧૭/૧૨/૨૦૨૨ ના રોજ શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજન કરાયું. શ્રી યોગેન્દ્રભાઈ શાહ અને શ્રીમતી ઇન્દુમતીબેન શાહના સૌજન્યથી આ સ્પર્ધા ૨૦૨૦થી શરુ કરવામાં આવી છે. આ સ્પર્ધામાં છ વિભાગમાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓના અને કપડવંજની અન્ય સંસ્થાઓના ૨૬૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્રના દાતાશ્રી સંજયભાઈ શાહે સંદેશો મોકલીને અને શ્રીમતી ઇન્દુમતીબેન શાહ તથા તેમના પુત્રી નીલાબેન શાહે ઓનલાઈન હાજર રહીને સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. મંડળના ઉપ-પ્રમુખશ્રી નીલાબેન પંડ્યા, મંત્રીશ્રી અનંતભાઈ શાહ અને ગોપાલભાઈ શાહ, કોષાધ્યક્ષશ્રી ગૌતમભાઈ પટેલ, સી.ઈ.ઓ.શ્રી મૌલિકભાઈ ભટ્ટ, આજીવન સભ્યશ્રી જ્યોતિકાબેન શાહ અને સ્પર્ધાના કન્વીનરશ્રી દિલીપભાઈ ભાવસારે દીપ પ્રગટાવીને તથા મંડળ સંચાલિત સંસ્થાઓમાં આચાર્યશ્રી અને શિક્ષકો ધ્વારા પણ પોતાની સંસ્થામાં દીપ પ્રગટાવીને એક સાથે સ્પર્ધાની શરૂઆત કરી.

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રતિભા

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
સ્થાપના વર્ષ – ૧૯૪૦

શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ

કોલેજનું ગૌરવ

કોલેજની વિદ્યાર્થિની યુનિવર્સિટીમાં સુવર્ણ ચંદ્રકથી સન્માનિત

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજની વિદ્યાર્થિની ધ્વનિબેન વસંતલાલ ચૌહાણે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એપ્રિલ - મે 2022માં લેવાયેલી બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી ડૉ.કે.એચ. ત્રિવેદી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો અને યુનિવર્સિટી કક્ષાએ કૉલેજનું ગૌરવ વધાર્યું. ધ્વનિબેન ચૌહાણને તા.15મી ડિસેમ્બર,2022 ના રોજ વિદ્યાનગર મૂકામે યોજાયેલા પદવીદાન સમારંભમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે સુવર્ણ ચંદ્રક એનાયત થયો. કૉલેજનું ગૌરવ વધારવા બદલ ધ્વનિબેન ચૌહાણને કપડવણજ કેળવણી મંડળના પ્રમુખ ડૉ.હરીશભાઈ કુંડલિયા અને મંડળના હોદ્દેદારો તથા કૉલેજના આચાર્યશ્રી ડૉ.ગોપાલ શર્મા અને સમગ્ર સ્ટાફ પરિવારના સભ્યોએ અભિનંદન પાઠવ્યા.

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રતિભા

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
સ્થાપના વર્ષ – ૧૯૪૦

શ્રીમતી શાંતાબેન કંચનલાલ શાહ (ચ્હાવાળા) કોલેજ ઓફ એજ્યુકેશન

કોલેજના તાલીમાર્થીએ બોક્સિંગમાં બાજી મારી

સરદાર પટેલ યુનિવર્સિટી ધ્વારા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ-પેટલાદ ખાતે યોજાયેલ આંતર કૉલેજ બોક્સિંગ સ્પર્ધામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શાંતાબેન કંચનલાલ શાહ (ચ્હાવાળા) કૉલેજ ઓફ એજ્યુકેશન, કપડવંજમાં સેમ-1 માં અભ્યાસ કરતાં નિમેષ એમ. મકવાણાએ 60 કિલો વજનના ગ્રૂપમાં ભાગ લઈ જબરજસ્ત પરફોર્મન્સ આપતા પોતાને મળેલી ત્રણેય ફાઇટમા નોક આઉટ વિજેતા થઇ સરદાર પટેલ યુનિવર્સિટીમાં બોક્સિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું. આ જળહળતી સફળતા બદલ કપડવંજ કેળવણી મંડળ તેમજ બી.એડ. કૉલેજના પ્રિન્સિપાલ અને સમગ્ર સ્ટાફગણ ધ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રતિભા

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
સ્થાપના વર્ષ – ૧૯૪૦

શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ

ગ્રાન્ટ પેરેન્ટસ ડે ની ઉજવણી

દુનિયાના દરેક દાદા-દાદી પોતાના પૌત્ર-પૌત્રીને પોતાનું વ્યાજ સમજે છે અને મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું હોય તે સ્વાભાવિક છે

સ્કૂલમાં બાળકોનું પ્રદર્શન અને સર્વાંગી વિકાસ કઈ રીતે સુધારી શકાય તે માટે વાલી મિટિંગ તો અવાર-નવાર થાય જ છે પણ સંસ્કારોના સિંચનમાં દાદા-દાદીનો ફાળો પણ ઓછો નથી હોતો અને આ માટે શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં એક અનોખો પ્રયોગ કરી બાળકો અને દાદા-દાદીનું એક સંમેલન તા.૨૩-૧૧-૨૦૨૨ ના રોજ ધો.૧ અને ૨૪-૧૧-૨૦૨૨ ના રોજ ધો.૨ એમ બે દિવસમાં યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ઘનશ્યામભાઈ પટેલ અને રમીલાબેને હાજર રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. કાર્યક્રમમાં દાદા-દાદી દ્વારા વાર્તાકથન અને બાળકોના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા તથા બાળકો દ્વારા પ્રાર્થના, અભિનયગીત જેવી કૃતિઓ રજૂ કરાઈ હતી. દરેક વડીલોએ આ કાર્યક્રમને બિરદાવી શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રતિભા

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
સ્થાપના વર્ષ – ૧૯૪૦

શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ

અભ્યાસક્રમ આધારિત પ્રવૃત્તિ

બાળકોને વિવિધ પ્રકારના મકાનો વિષે જાણકારી મળે અને તેમની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય એ હેતુથી શ્રીમતી સી. ડી. ગાંધી ઇ. મી. શાળાના ધોરણ ૩ના બાળકોએ વિવિધ પ્રકારના મકાનોના મોડલ્સ બનાવ્યા હતાં.

શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા પેપર પ્રોવિઝન ઇન્ડસ્ટ્રીઝ, મોહમ્મદ પુરા અને ખેતી લાયક જમીનની મુલાકાત

વિદ્યાર્થીઓએ અભ્યાસ આધારિત મુલાકાત દરમ્યાન ઉદ્યોગોના કામકાજ અને ખેડૂતોના જીવનનો વાસ્તવિકતામાં અનુભવ કર્યો હતો.

કપડવણજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રતિભા

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
સ્થાપના વર્ષ – ૧૯૪૦

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

એક દિવસના શિક્ષક બની શિક્ષણ આપવાનો આનંદ લેવો એટલે સ્વયંશાસન દિન

તારીખ 23-11-2022 ના રોજ શ્રી મા.દે.કિશોર મંદિરમાં સ્વયં શાસન દિન ઉજવવામાં આવ્યો. બાળકોએ શિક્ષક બની સમગ્ર દિવસ દરમિયાન પ્રાર્થનાથી શરૂઆત કરી ૮ તાસ સુધી શિક્ષણ કાર્ય કર્યું. વિદ્યાર્થીઓએ પણ તેઓને સારો સાથ સહકાર આપ્યો. બાળ શિક્ષકોએ શિક્ષકને અનુરૂપ વસ્ત્રો પરિધાન કરીને વર્ગકાર્ય કર્યું. બાળ શિક્ષકોના ચહેરા પર કંઈક નવો જ આનંદ જોવા મળ્યો. “શિક્ષક બનવું કેટલું અઘરું છે તથા શિક્ષકનું મહત્વ અમને સમજાય છે” જેવા અનુભવો બાળકોએ બીજા દિવસે પ્રાર્થના દરમિયાન રજૂ કર્યા. વિદ્યાર્થીઓએ પણ એક દિવસ માટે નવા શિક્ષક સાથે ભણવાની મજા માણી. આમ, શિસ્તબદ્ધ રીતે સ્વયં શાસન દિનની ઉજવણી કરવામાં આવી.

બાળકોએ ઉજવી દિવાળી... રંગોથી સજાવી રંગોળી

દિવાળીના વેકેશનની રજાઓનો આનંદ માણ્યા પછી બીજા સત્રની શરૂઆત થઈ. બાળકોએ દિવાળીના દિવસોમાં ઘરના આંગણામાં રંગોળી પૂરીને આંગણું સજાવ્યું હતું, તો પછી શાળાને કેમ ભૂલાય? મા.દે.કિશોર મંદિરમાં ધોરણ 6 થી 8 ના બાળકો માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યું હતું. તારીખ 16-11-2022 ના રોજ કુલ 37 વિદ્યાર્થીઓએ ભાગ લઈ સરસ મજાની રંગોળી પૂરી હતી. જેમાં વિવિધ જાતના કલર, ચોખા, ફૂલ ,છીપલા, અનાજ , કઠોળ ,મણકા વગેરેનો ઉપયોગ કરી રંગોળીનું સર્જન કર્યું હતું. કેટલાક બાળકોએ આજુબાજુ દીવા મૂકીને રંગોળીને પ્રકાશિત કરી હતી.